અપીલ અરજી નં.૨૦૬ તા.૫–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મનીષ એન ગીલીટવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનીષ એન ગીલીટવાળાની તા.૧૧–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ગોપીપુરા,હનુમાન ચાર રસ્તાથી નવસારી બજાર રોડ આવેલ મિલકત નામે શિવસદનમાં હાલમાં રીનોવેશનનું કામકાજ ચાલું છે જે બાબતે સેન્ટ્રલઝોન તરફથી કોઈ રીપેરીંગની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ?વિ.મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૬/૨૦૧૧–૧૨

શ્રી મનીષ એન ગીલીટવાળાની તા.૧૧–૭–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ગોપીપુરા,હનુમાન ચાર રસ્તાથી નવસારી બજાર રોડ આવેલ મિલકત નામે શિવસદનમાં હાલમાં રીનોવેશનનું કામકાજ ચાલું છે જે બાબતે સેન્ટ્રલઝોન તરફથી કોઈ રીપેરીંગની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ?વિ.મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ / આઉટવર્ડ નં./ ૬૮૭ તા.૧–૮–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં.૪ જે નાગરિક અધિકાર પત્રમાં સમાવિષ્ટ ગણાય છે તે અંગે કાયદા–નિયમની જોગવાઈ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૦ તા.૧૦–૮–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમના રાજય મુદ્રાલેખ ધરાવતા અને M.L.A જણાવતા તા.૪–૦૮–૧૧ના પત્ર અન્વયે અપીલમાં ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૪૯ તા.૫–૯–૧૧ નો પત્ર તથા મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૭–૧૧ ની અરજીથી સેન્ટ્રલઝોન નવસારી બજાર વિસ્તારના બે સ્થળોના બાંધકામ બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૬૮૭ તા.૧–૮–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ. અરજદારની અરજીના મુદૃા નં.(૧) ગોપીપુરા,હનુમાન ચાર રસ્તાથી નવસારી બજાર રોડ આવેલ મિલકત નામે શિવસદનમાં હાલમાં રીનોવેશનનું કામકાજ ચાલું છે જે બાબતે સેન્ટ્રલઝોન તરફથી કોઈ રીપેરીંગની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ જોતાં શીવ સદનના નામે ઓળખાતી મિલ્કતમાં રીપેરીંગ બાબતે ઉપલબ્ધ રેડર્ક જોતાં પરવાનગી આપ્યાની વિગતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. (૨) સેન્ટ્રલઝોન વિસ્તારમાં આવેલ નવસારી બજાર મેઈન રોડ ખાતે આવેલ શિવ ક્રેકર્સની બાજુની મિલ્કતમાં પણ હાલ નવું બાંધકામ ગર્ડર ચેનલ ઉપર ચાલી રહયું છે તો તે બાબતે સેન્ટ્રલઝોન તરફથી બાંધકામની કોઈ પરવાનગી આપવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીવોર્ડ નં.૨ નોંધ નં.૩૭૧૩ /અ–બ શીવ ક્રેકર્સની રીપેરીંગ બાબતે અરજી સેન્ટ્રલઝોન ખાતે આવેલ છે પરંતુ ઉપલબ્ધ રેકર્ડ જોતાં બાંધકામની પરવાનગી આપ્યાની વિગતો ઉપલબ્ધ રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઉપરોકત બંને મિલ્કતોની પરવાનગી ન આપવામાં આવી હોય તો ઝોનના વડા કે ઝોનલે આ બાબતે શું પગલા લીધા કે હવે પછી શું પગલા લેશે તેની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેડર્ક જોતાં ઉપરોકત બંને મિલ્કતોના પગલા લીધા હોવાની વિગતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) ઉપરોકત બાબતે આરટીઆઈની અરજી મળ્યેથી અધિકારીઓશ્રી પગલા લેશે કે ઉચ્ચ કક્ષાએ ફરીયાદ કરવાની રહેશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી આપવાની રહે છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા નિર્ણયથી નારાજ થઈ તા.૫–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.જેમાં અરજદારે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું એક સરખો અસ્પષ્ટ જવાબ આપેલ છે. તેમજ ફરીયાદ બાબતે અધિકારી પગલા લેશે કે નહીં તેના સંદર્ભે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તે આપવાની હોય છે તેવો જવાબ આપેલ છે તેથી અપીલ કરવાની ફરજ પડેલ છે. તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

તેથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ વિગતો જણાવવાની હોય છે. વધુમાં ફરીયાદ બાબતે અધિકારી પગલા લેશે કે નહીં તે સંદર્ભે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તે આપવાની હોય છે તેવો જવાબ આપેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૪૯ તા.૫–૯–૧૧ થી સ્પષ્ટતાસહ જવાબ કરેલ છે. જેમાં સામાન્ય રીતે આરટીઆઈ હેઠળ માહિતી ઉપલબ્ધ કરાવવાની રહે છે તેમજ તકરાર નિવારણનો સમાવેશ થતો નથી. તેમ છતાં આવી બાબતની જાણકારી પ્રાપ્ત લખેલ હોય ત્યારે બીપીએમસી એકટ હેઠળ કાર્યવાહી હાથ ધરવા જોગ થાય. જેની હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને અરજી મળ્યેથી પગલા લેશો તે બાબતે અપીલ અરજી કરેલ હોઈ અને જે અંગે અપીલ તબકકે હકીકતલક્ષી માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૭–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મનીષ એન ગીલીટવાળા,